ભારત વિકાસ પરિષદ દ્વારા ત્રાસવાદી હુમલાના શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ

જાણીતી સેવાભાવી સંસ્થા ભારત વિકાસ પરિષદની ડીસા શાખા દ્વારા છત્તીસગઢના નકસલી હુમલામાં તેમજ કાશ્મીરના ત્રાસવાદી હુમલામાં શહીદ થયેલા ભારતીય સેનાના વીર જવાનોને ગત શનિવારે સાંજે ભાવભરી શ્રદ્ધાંજલિ અપાઈ હતી. ભા.વિ.પ. દ્વારા ડીસાના સાંઈબાબા મંદિર ખાતે યોજાયેલા શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં એસ.ટી. નિગમના ડીરેક્ટર દિનેશભાઈ અનાવાડીયા, ડીસાના જાણીતા તબીબ ડૉ. સી.કે. પટેલ, ડીસા નગરપાલિકાના સદસ્ય રંજનબેન ખત્રી, ભારત વિકાસ પરિષદની ડીસા શાખાના પ્રમુખ ડૉ. ભુપેશભાઈ ત્રિવેદી, મંત્રી જયેશભાઈ દેસાઈ, સાહિત્યકાર કનુભાઈ આચાર્ય સહિત અન્ય અગ્રણીઓએ ઉપસ્થિત રહી કાયરતાભર્યા નકસલી અને ત્રાસવાદી હુમલાઓને વખોડી કાઢી તાજેતરના હુમલાઓમાં શહીદ થયેલા વીર જવાનોના માનમાં મીણબત્તીઓ પ્રગટાવી શહીદ વીરોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે ભારત વિકાસ પરિષદની ડીસા શાખાના સભ્યો તેમજ દેશપ્રેમી નગરજનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વિવેકાનંદ મિશન જીવકોરબા ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે આવેલા વિવેકાનંદ મિશન ઈંગ્લિશ સ્કૂલમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોએ વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામોમાં ભાગ લીધો હતો.

તલોદ ખાતે આવેલા વિવેકાનંદ મિશન જીવકોરબા ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ ખાતે તૃતિય સાંસ્કૃતિક વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ ગુણેશ વંદના કાર્યક્રમ બાદ દિન પ્રાગટ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જી. ટી.વી. ઉપર આવેલા ડાન્સ ઈન્ડીયા ડાન્સ વિજેતા અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા એવા કમલેશભાઈ પટેલે પોતાનું કૌશલ્ય અદ્‌ભૂત પ્રદર્શન કરી ડાન્સ પ્રત્યેની હાજર સૌ ઓડીયન્સમાં પ્રભાવિત કર્યા હતા. જેથી સ્કૂલના પ્રમુખ ગંગારામભાઈ પટેલ અને ટ્રસ્ટીગણે બહુમાન કરી મોમેન્ટ અર્પણ કર્યુ હતુ. ત્યારબાદ વિવેકાનંદ મિશન સ્કૂલના બાળકોએ વર્ષ દરમ્યાન અભ્યાસ અંગે વિવિધ પ્રવૃત્તિ, કરાટે, રાઈફલ શુટીંગ, સ્કેટીંગ જેવી અનેક પ્રવૃત્તિઓ સાંસ્કૃતિક વાર્ષિક એન્યુઅલમાં પણ ભાગ લઈ હાજર લોકોને અને વાલિગણને પ્રભાવિત કર્યા હતા.

ફિલ્મીગીતો, નાટક, એકપાત્રીય અભિનયની સાથે મુખ્ય મહેમાન તરીકે આવેલા કમલેશભાઈ પટેલ દ્વારા સ્ટેજ ઉપર પરફોર્મન્સ કરતા વિદ્યાર્થીઓ, વાલીઓ અને પ્રેક્ષકોના આગળ મહેમાન બનાવી દિલ જીતી લીધા હતા. અને પોતે દિવ્યાંગ હોવા છતાં જીવનથી હાર ન માની પ્રભુએ આપેલી શક્તિનું પ્રદર્શન કરાવી હાજર લોકોને પોતાની અંદર છુપાયેલી શક્તિ ઓળખવા જણાવ્યુ હતુ.

ઘણી જ મોટી સંખ્યામાં હાજર ઓડીઅન્સ અને વાલીગણ સમક્ષ શાળાનું સંચાલન અને બાળકોનું શિક્ષણ અને જાગૃતિ અંગે ટ્રસ્ટીગણે સુચન કર્યુ હતુ. સમગ્ર ડાન્સ પ્રોગ્રામનું સંચાલન શાળા સંચાલકો અને શિક્ષક સ્કૂલે કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

મિડીયમ સ્કૂલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ કોલેજ ખાતે પુસ્તક વિમોચન સમારોહ યોજાયો

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજના કમાપુર કોલેજ ખાતે મહેન્દ્ર અમીન લેખિત જિજ્ઞાવિષા અને OH 'N' AH' બે પુસ્તકોનું વિમોચન સમારોહ યોજાયો ગતો. કમાલપુર ખાતે આવેલ શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો જેમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત બાદ દિપપ્રાગટ્ય કાર્યક્રમ યોજાયો હતો અને આવનાર ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રાંતિજ કોલેજના પૂર્વ અધ્યાપક કવિ, સાહિત્યકાર, નાટયકાર પ્રો. મહેન્દ્ર અમીન લેખિત જિજ્ઞાવિષા અને OH 'N' AH' બે પુસ્તકોનું મંચ ઉપર ઉપસ્થિત મહેમાનો દ્વારા પુસ્તક વિમોચન કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વ કુલપતિ કે.એસ. શાસ્ત્રી, સાહિત્યકાર અને કટારલેખક પરાજિત પટેલ, પ્રાંતિજ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કે.આર. પ્રસાદ સહિત કોલેજ સ્ટાફ તથા પ્રાંતિજ અને આજુબાજુમાંથી પુસ્તકપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો.ર્ડો કાન્તિભાઈ પ્રજાપતિ તથા મહેન્દ્રભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

ધનસુરામાં જિલ્લા ભાજપની કારોબારી બેઠક યોજાઈ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લા ભાજપની જિલ્લા કારોબારી બેઠક ધનસુરમાં મળી હતી. જિલ્લાના પ્રભારી મંત્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લા પ્રમુખ રણવીરસીહ ડાભી, પ્રદેશ પાર્ટી પ્રભારી હર્ષદભાઈ ગોસ્વામી, સાબરકાંઠા જિલ્લા પૂર્વ પ્રમુખ પૃથ્વીરાજ પટેલ, અરવલ્લી જિલ્લા પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવર, મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાટ, વિમંત પટેલ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, ભીખીબેન પરમાર, ડૉ. મહેન્દ્રભાઈ પટેલ અને તમામ તાલુકાના ભાજપ પ્રમુખ, મહામંત્રીઓ સહિત અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. ભોજનદાતા એવા ધનસુરા એ.પી.એમ.સી ચેરમેન જગદીશભાઈ પટેલ, સાબરડેરી વાઈસ ચેરમેન કાંતિભાઈ એસ.પટેલ, સરપંચ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા સહકારી સંઘ અધ્યક્ષ ભાજપ અગ્રણી આગેવાન પ્રભુદાસભાઈ પટેલ, બક્ષીપંચ મોરચા પ્રમુખ ભીખુસિંહ પરનાર, અન્ય સહકારી આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં રાજકીય તેમજ અભિનંદન ઠરાવોનું વાંચન કરવામાં આવ્યું હતું. જી.એસ.ટી બિલ અંગે ભીલોડાના નિવૃત અધિકારી અને ભાજપના આગ્રણી કાર્યકર હસમુખભાઈ મડિયાએ ઉંડાણપૂર્વક માહિતી અને સમજ આપી હતી.

ભિલોડા-ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ દ્વારકેશ હોન્ડા શો-રૂમ પાસે ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખા ધ્વારા મિનરલ પાણીની ત્રીજી પરબનો શુભારંભ મુકેશભાઈ પટેલ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષના વરદ્‌ હસ્તે કરાતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.મિનરલ પાણીની પરબના રોજીંદા દાતા સમીરભાઈ એ.મનસુરીના સૌજન્યથી મીનરલ પાણીની પરબનો શુભારંભ કરાયો હતો. ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, જીતુભાઈ ભાટીયા, હર્ષદભાઈ સોની, હસમુખભાઈ બરંડા, ઉર્વશીબેન બરંડા, નરેશભાઈ પંચાલ, મુકેશભાઈ પંચાલ, ભરતભાઈ સોમાણી, બિપીન પ્રજાપતી, શૈલેષભાઈ પટેલ, રાજુભાઈ પટેલ સહિત હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

મજરા ચોકડી પર કાર ટ્રક પાછળ ઘુસી જતાં બે ના મોત

કારચાલકનુ ઘટનાસ્થળે કર્મમાટીભર્યુ મોત : કારમાં સવાર બે ને શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મજરા ચોકડી ઉપર કાર ટ્રક પાછળ ઘુસી જતાં કાર ચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતુ અને કારમાં સવાર અન્ય બે ને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં જેમાં સારવાર દરમ્યાન એકનું મોત નિપજ્યું હતું.

અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના મજરા ચોકડી ઉપર વહેલી સવારે આગળ જતી ટ્રક નં- જીજે.૩૧.ટી.૨૫૯૯ પાછળ અમદાવાદ બાજુથી આવતી કાર નં- જીજે.૨૭.બીઈ.૯૯૯૩ ટ્રક પાછળ ઘુસી જતાં કારનો કુચડો થઈ ગયો હતો અને કાર ચાલક જીતેન્દ્રસિંહ રાજપૂત ઉ.વર્ષ- ૨૨ રહે .અમદાવાદનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું

જયારે કારમાં સવાર મહિલા શાન્તાબેન હરીલાલ સિંધ ઉ.વર્ષ- ૬૫ રહે. અમદાવાદ તથા અખિલેશ રાજેન્દ્ર સિંધ ઉ.વર્ષ- ૫૦ રહે. અમદાવાદ બન્નેને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમણે પહેલા ૧૦૮ મારફતે પહેલાં પ્રાંતિજ સિવિલ અને વધુ સારવાર અર્થે હિંમતનગર મેડીસ્ટ્રાર ખાતે ખસેડવામાં આવ્યાં હતાં જયારે અકસ્માત બાદ કારનો કુચડો થઈ જતા કારચાલક મૃતક યુવક જીતેન્દ્રભાઈ કારમાં ફસાઈ જતા તેના મૃતદેહને પ્રાંતિજ-હિંમતનગર ફાયર ટીમ દ્વારા કારના પતરાં કાપીને બહાર કાઢવામાં આવ્યો હતો જયારે અમદાવાદથી મૃતકના પરિવારજનો દોડી આવ્યા હતાં પણ હાઈવે ઓર્થોરિટીની ટીમ તથા પ્રાંતિજ પોલીસ ઘટનાને એક કલાક પછી આવતાં હાઈવે ઉપર ટ્રાફિકજામ થયો હતો જયારે હિંમતનગર સારવાર દરમ્યાન અખિલેશ રાજેન્દ્રસિંધનું પણ વધુ સારવાર મળે તે પહેલાં મોત નિપજ્યું હતું.

ખેડબ્રહ્મામાં વડાલી સત્તાવીસ સુથાર સમાજનો સમુહ યજ્ઞોપવિત સમારોહ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૧

શ્રી વડાલી સતાવીસ સુથાર સમાજ ખેડબ્રહ્મા પ્રેરિત શ્રી ખેડબ્રહ્મા સુથાર યુવા ગૃપ દ્વારા રવિવારે વિશ્વકર્મા મંદિર પરિસર શ્યામનગરમાં સમુહ યજ્ઞોપવિત સંસ્કાર અને બાધા સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૨૬ બટુકોને યજ્ઞોપવિત ધારણ કરાવી સંસ્કારવિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ સાથે ૧૩ ભૂલકાને બાધા-મુંડન વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના આબાલવૃદ્ધ હરખભેર ઉપસ્થિત રહ્યા હતા. સમાજના પ્રમુખ પરસોત્તમદાસ સુથાર, ઉપપ્રમુખ કાન્તીલાલ સુથાર, શંકરલાલ સુથાર, મહેન્દ્રભાઈ સુથાર સહીત સમાજના સૌએ બટુકોને આશીર્વાદ આપ્યા હતા. બટુકોને સખી દાતાઓ તરફથી ચાંદીના સિક્કા સ્કૂલબેગ, ડીનર સેટ સહીત અન્ય ગીફ્ટ આપવામાં આવી હતી. આ પ્રસંગને સફળ બનાવવા ગૃપના સભ્યો ભરતકુમાર સુથાર (માલપુર) જયંતીભાઈ સુથાર (મારવાડા) પ્રકાશભાઈ સુથાર (વાસણા) તથા નીરવભાઈ સુથાર (વાસણા) સહી ગૃપના સભ્યો તથા સમિતિના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

કાંકરેજ તાલુકાના રાંનેર ગામેથી તાજુ જન્મેલુ બાળક મળી આવતા ચકચાર

કાંકરેજ, તા. ૧

કાંકરેજ તાલુકાના રાંનેર ગામે માનવતાને શર્મનાક કરી દે તેવી જનેતાએ નવજાત બાળકીને ત્યજી દેતા રાહદારીની આંખે ચડવા લાગ્યુ હતુ. જો કે રાંનેર ગામના જાગૃત નાગરીકો દ્વારા તાત્કાલિક ૧૦૮ને જાણ કરતાં શિહોરી ૧૦૮ ઘટનાસ્થળ ઉપર આવી કચરામાં પડેલ બાળકોને શિહોરી રેફરલ હોસ્પિટલમાં લાવી સારવાર કરવામાં આવી હતી. જે ડૉ. માનસુંગભાઈ ચૌધરીએ આ બાળકી તાજી જન્મેલ હોવાનું જણાવ્યું હતું. આમ રાંનેર ગામેથી કોઈ અજાણી મહિલાએ પોતાનું પાપ છુપાવવા આવુ કૃત્ય કર્યુ હોય તેવી લોક મુખે ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે શિહોરી પોલીસ દ્વારા અજાણી માતા વિરૂદ્ધ આઈપીસી કલમ ૩૧૭ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવે તો બેમત નથી. આમ સરકાર દ્વારા બેટી બચાવો બેટી પઢાવો અભિયાન કેટલા અંશે સત્ય પુરવાર થઈ શકે તે આ કિસ્સા ઉપરથી ફલીત થાય છે. કેમ કે રાંનેરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ પ્રાઈવેટ દવાખાના આવેલ હોવાથી તટસ્થ તપાસ થાય તો આ સમગ્ર ઘટનાનો પર્દાફાશ થાય તેમ છે. હવે જોવું એ રહ્યું કે તપાસ થાય છે કે કેમ?

સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રિકલચર યુનિવર્સીટીમાં હેલ્મેટના નિયમમાં વ્હાલાં-દવાલાંની નીતિ !

મોટા માથા તેમજ સિક્યુરિટી ગાર્ડના લાગતા વળગતા લોકો માટે કોઈજ નિયમ નહિ ! : ગરીબ ખેડૂતો તેમજ દિવ્યાંગ લોકો માટે ફરજીયાત હેલ્મેટ !

દાંતીવાડા તાલુકામાં આવેલ સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રિકલચર યુનિવર્સીટી છેલ્લા કેટલાય સમયથી ચર્ચા માં છે જયારે સરદાર કૃષિનગરમાં એન્ટ્રી માટે ફરજીયાત હેલ્મેટનો નિયમ લાગુ પાડવામાં આવેલ છે પરંતુ મોટા માથા તેમજ સિક્યુરિટી ગાર્ડ ના લાગતાવળગતા લોકો માટે આ નિયમ હોયજ નહિ તેવું જોવા મળી રહ્યું છે અને હેલ્મેટ વગરજ પ્રવેશ આપવામાં આવેછે ત્યારે ગરીબ લાચાર ખેડૂતો તેમજ દિવ્યાંગ લોકો માટે આ નિયમ ફરજીયાત પણે અમલ કરવામાં આવી રહ્યો છે આવું કેમ ? સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટીમાં વાલા-દવાલાની નીતિ કેમ ? સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રિકલચર યુનિવર્સીટીમાં એસ.બી.આઈ બેન્ક આવેલી છે જેના કારણે દાંતીવાડા તાલુકાના ખેડૂતો અવારનવાર બેન્કના કામ અર્થે ત્યાં આવતા હોય છે પરંતુ આ વાલા-દવાલાની નીતિના કારણે ખુબજ હાલાકી સહન કરવી પડતી હોય છે જેના કારણે લોકો માં રોષ જોવા મળી રહ્યો છે તેમજ સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રિકલચર યુનિવર્સીટીમાં આ હેલ્મેટના નિયમ માંથી દાંતીવાડા તાલુકા ના લોકોને રાહત આપવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

મોડાસા બાયપાસ રોડ પર ઈનોવા કાર-રીક્ષા અથડાતા બે ગંભીર

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા મેઘરજ ચોકડીથી માલપુર ચોકડીવાળા બાયપાસ રોડ પર શનિવારે સાંજના સુમારે ઈનોવાકાર અને છકડો રીક્ષા વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાતા રીક્ષાના પાછળના ભાગનો કડૂચલો વળી ગયો હતો. રીક્ષામાં બેઠેલા બે વ્યક્તિને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોડાસા દવાખાને સારવાર અર્થે ખસેડાયા હતા. એક મુસાફરની હાલત નાજૂક જણાતા તાબડતોબ અમદાવાદ સઘન સારવાર અર્થે ખસેડાયો હતો. ઈનોવા કારની એર બેગ ખુલી જતા કારમાં સવાર પરિવારનો આબાદ બચાવ થયો હતો. આ અકસ્માત હજુ પણ પોલીસ ચોપડે નોંધાયો નથી.

મોડાસાની રત્નદીપ સોસાયટીના પ્રવેશદ્વાર પાસે ભૂવા સહિત રોડની કામગીરી હાથ ધરાઈ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી રત્નદીપ સોસાયટીના પ્રવેશદ્વાર નજીકથી પસાર થતી પીવાના પાણીની પાઈપલાઈન મહિનામાં બે વાર ખોદાતા રોડ પર માનવસર્જીત ભુવો પડતા અને ખાડાઓ પુરી માટીના ઢગ જે તે સ્થિતિમાં પડી રહેતા અહીંથી પસાર થતા વાહનચાલકો અને સોસાયટીના રહીશો તોબા પોકારી ઉઠ્યા હતા. આ સોસાયટીના રહીશોને વાચા આપતા સમાચાર એકપાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતા મોડાસા નગરપાલિકાતંત્ર અને નગર સેવકો સફળા જાગી ગયા હતા અને તાબડતોડ જેસીબી મશીનથી માનવ સર્જીત ભૂવો માટીથી પુરવાની હાલ પુરતી કામગીરી હાથ ધરી પ્રવેશદ્વાર આગળ પડેલા માટીના ઢગલાઓ હટાવી લેવાતા સોસાયટીના રહીશોમાં આનંદ છવાયો હતો.

મોડાસા માલપુર રોડ પર આવેલી રત્નદીપ સોસાયટી આગળ નગરપાલિકા તંત્ર દ્વારા બે મહિનાના સમયગાળામાં બે થી વધુવાર ખાડા ખોદી નખાતા ખોદકામ દરમિયાન પ્રવેશદ્વાર આગળ માનવસર્જીત ભૂવાનું નિર્માણ થતા અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોમાં ભય ફેલાયો હતો. નગરપાલિકાતંત્ર દ્વારા પાઈપલાઈનનું કામકાજ પૂર્ણ થયા બાદ પણ માનવસર્જીત ભૂવો પૂરવાનુ કામકાજ હાથ ન ધરાતા નગરપાલિકા સામે ઉગ્ર રોષ ફેલાયો હતો. આ અંગે ગાંધીનગર સમાચારના પ્રતિનિધિનો સંપર્ક કરાતા સોસાયટીના રહીશોને પડતી તકલીફોને વાચા આપતા સમાચારનો અહેવાલ તા. ૨૮-૪-૨૦૧૭ના રોજ પ્રસીદ્ધ થતા નગરપાલિકાતંત્ર અને વોર્ડના કોર્પોરેટરો સફાળા જાગી ઉઠ્યા હતા અને રત્નદીપ સોસાયટીના પ્રવેશદ્વાર આગળ પડેલા ભૂવાને પૂરવા જેસીબી મશીનથી કામગીરી હાથ ધરી ભૂવો પૂરી દઈ પ્રવેશદ્વાર આગળ બે મહિનાથી પડેલા માટીના ઢગ હટાવી લેવાતા સોસાયટીના રહીશો અને વાહનચાલકો અને નગરજનોમાં આનંદ છવાયો હતો.

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા રત્નદીપ સોસાયટીના પ્રવેશદ્વાર આગળ પડેલો ભયાનક માનવસર્જીત ભૂવો હાલ પુરતો તો માટીથી પુરી દેવામાં આવ્યો છે પરંતુ ચોમાસાની ઋતુ પહેલા આ ભૂવો સીમેન્ટથી પુરવામાં નહિ આવે તો ચોમાસામાં દૂર્ઘટના સર્જાવાની સ્થિતનો ભય સોસાયટીના રહીશો અને વાહનચાલકો પર મંડરાઈ રહ્યો છે.

અરવલ્લીના ગડાધર ખાતે શિક્ષણ સંકુલનું ખાતમુહૂર્ત

મોડાસા, તા. ૧

અરવલ્લી અને સાબરકાંઠાના ઠાકોર સમાજ માટે એક શિક્ષણ સંકુલનું નિર્માણ કરવાના શ્રી ગણેશ થતા તે માટે શનિવારે અરવલ્લીના ભિલોડા તાલુકામાં શામળાજી હિંમતનગર હાઈવે ઉપર ગડાધર ખાતે તેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ભામાશા ગણાતા ગુજરાત ઠાકોર કેળવણી ટ્રસ્ટ, અમદાવાદના પ્રમુખ રોહિતજી ચંદુજી ઠાકોરના પુત્ર પ્રવીણજી ઠાકોરના અધ્યક્ષપદે યોજાયેલ આ અંગેના સમારોહમાં પ્રારંભે સમાજ મંડળના મંત્રી પ્રફુલભાઈ પગીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ સમારોહમાં મુખ્ય મહેમાનો, આમંત્રિત મહેમાનો અને સન્માનનીય મહેમાનોએ પણ આ સંકુલના વિચારને આવકારી તેમાં પોતાનો સહયોગ આપવા ખાત્રી આપી હતી. સમારોહના અધ્યક્ષ પ્રવીણજી રોહિતજી ઠાકોરે સમાજને વ્યસનમુક્ત બનવા અને શિક્ષણનો વ્યાપ વધારવા ઉપર ખાસ ભાર મૂક્યો હતો. અહીં બે જિલ્લાઓના ઠાકોર સમાજ માટે નિર્માણ થનાર આ શિક્ષણ સંકુલ માટે પણ પૂરો સહયોગ આપવા ખાત્રી આપી હતી. પ્રમુખ ધીરૂજી એન. દોઢિયાર, સંગઠન મંત્રી શિવુભાઈ આર. પગી તેમજ કારોબારીના તમામ સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આભાર દર્શન મધુપુરના રહીશ ભવાનસિંહ જે. ખાંટે કરી હતી.